Language Code : **06**

इस पुस्तिका में **16** मुद्रित पृष्ठ हैं।
This booklet contains **16** Printed pages.

# JSS-24-II

**प्रश्न-पत्र-II / PAPER-II**

**गुजराती भाषा परिशिष्ट**

**Gujarati Language Supplement**

**भाग-IV & V / PART-IV & V**

मुख्य परीक्षा पुस्तिका संख्या / Main Test Booklet No.

मुख्य परीक्षा पुस्तिका कोड / Main Test Booklet Code

**I**

**इस परीक्षा पुस्तिका को तब तक न खोलें जब तक कहा न जाए।**
**Do not open this Test Booklet until you are asked to do so.**
**इस परीक्षा पुस्तिका के पिछले आवरण (पृष्ठ 15 व 16) पर दिए निर्देशों को ध्यान से पढ़ें।**
**Read carefully the Instructions on the Back Cover (Page 15 & 16) of this Test Booklet.**

**गुजराती में निर्देशों के लिए इस पुस्तिका का पृष्ठ 2 देखें। / FOR INSTRUCTIONS IN GUJARATI SEE PAGE 2 OF THIS BOOKLET.**

## परीक्षार्थियों के लिए निर्देश

1. यह पुस्तिका मुख्य परीक्षा पुस्तिका की एक परिशिष्ट है, उन परीक्षार्थियों के लिए जो **या** तो भाग IV (भाषा I) **या** भाग V (भाषा II) **गुजराती** भाषा में देना चाहते हैं, लेकिन **दोनों नहीं**।
2. परीक्षार्थी भाग I एवं भाग II **या** III के उत्तर मुख्य परीक्षा पुस्तिका से दें और भाग IV व V के उत्तर उनके द्वारा चुनी भाषाओं से।
3. अंग्रेज़ी व हिन्दी भाषा पर प्रश्न मुख्य परीक्षा पुस्तिका में भाग IV व भाग V के अन्तर्गत दिए गए हैं। भाषा परिशिष्टों को आप अलग से माँग सकते हैं।
4. इस पृष्ठ पर विवरण अंकित करने एवं उत्तर पत्र पर निशान लगाने के लिए **केवल काले/नीले बॉल पॉइंट पेन** का प्रयोग करें।
5. इस भाषा पुस्तिका का **संकेत** है **I**। यह सुनिश्चित कर लें कि इस भाषा परिशिष्ट पुस्तिका का संकेत, उत्तर पत्र के **पृष्ठ-2** एवं मुख्य परीक्षा पुस्तिका पर छपे संकेत से मिलता है। अगर यह भिन्न हो, तो परीक्षार्थी दूसरी भाषा परिशिष्ट परीक्षा पुस्तिका लेने के लिए निरीक्षक को तुरन्त अवगत कराएँ।
6. इस परीक्षा पुस्तिका में **दो** भाग IV और V हैं, जिनमें **60** वस्तुनिष्ठ प्रश्न हैं, जो प्रत्येक 1 अंक का है :
   भाग-IV : भाषा-I (गुजराती) (प्र. 91 से प्र. 120)
   भाग-V : भाषा-II (गुजराती) (प्र. 121 से प्र. 150)
7. भाग-IV में भाषा-I के लिए 30 प्रश्न और भाग-V में भाषा-II के लिए 30 प्रश्न दिए गए हैं। इस परीक्षा पुस्तिका में केवल गुजराती भाषा से संबंधित प्रश्न दिए गए हैं। **यदि भाषा-I और/या भाषा-II में आपके द्वारा चुनी गई भाषा(एँ) गुजराती के अलावा है तो कृपया उस भाषा वाली परीक्षा पुस्तिका माँग लीजिए। जिन भाषाओं के प्रश्नों के उत्तर आप दे रहे हैं वह आवेदन पत्र में चुनी गई भाषाओं से अवश्य मेल खानी चाहिए।**
8. **परीक्षार्थी भाग-V (भाषा-II) के लिए, भाषा सूची से ऐसी भाषा चुनें जो उनके द्वारा भाषा-I (भाग-IV) में चुनी गई भाषा से भिन्न हो।**
9. रफ कार्य परीक्षा पुस्तिका में इस प्रयोजन के लिए दी गई खाली जगह पर ही करें।
10. सभी उत्तर केवल OMR उत्तर पत्र पर ही अंकित करें। अपने उत्तर ध्यानपूर्वक अंकित करें। उत्तर बदलने हेतु श्वेत रंजक का प्रयोग निषिद्ध है।

## INSTRUCTIONS FOR CANDIDATES

1. This booklet is a supplement to the Main Test Booklet for those candidates who wish to answer **EITHER** Part IV (Language I) **OR** Part V (Language II) in **GUJARATI** language, but **NOT BOTH**.
2. Candidates are required to answer Part I and Part II **OR** III from the Main Test Booklet and Parts IV and V from the languages chosen by them.
3. Questions on English and Hindi languages for Part IV and Part V have been given in the Main Test Booklet. Language Supplements can be asked for separately.
4. Use **Black/Blue Ball Point Pen only** for writing particulars on this page/marking responses in the Answer Sheet.
5. The CODE for this Language Booklet is **I**. Make sure that the CODE printed on **Side-2** of the Answer Sheet and on your Main Test Booklet is the same as that on this Language Supplement Test Booklet. In case of discrepancy, the candidate should immediately report the matter to the Invigilator for replacement of the Language Supplement Test Booklet.
6. This Test Booklet has **two** Parts, IV and V, consisting of **60** Objective Type Questions, each carrying 1 mark :
   Part-IV : Language-I (Gujarati) (Q. 91 to Q. 120)
   Part-V : Language-II (Gujarati) (Q. 121 to Q. 150)
7. Part-IV contains 30 questions for Language-I and Part-V contains 30 questions for Language-II. In this Test Booklet, only questions pertaining to Gujarati language have been given. **In case the language/s you have opted for as Language-I and/or Language-II is a Language other than Gujarati, please ask for a Test Booklet that contains questions on that language. The language being answered must tally with the languages opted for in your Application Form.**
8. **Candidates are required to attempt questions in Part-V (Language-II) in a language other than the one chosen as Language-I (in Part-IV) from the list of languages.**
9. Rough work should be done only in the space provided in the Test Booklet for the same.
10. The answers are to be recorded on the OMR Answer Sheet only. Mark your responses carefully. No whitener is allowed for changing answers.

परीक्षार्थी का नाम (बड़े अक्षरों में) : ____________________
Name of the Candidate (in Capitals) :

अनुक्रमांक : (अंकों में) / Roll Number : in figures ____________________
: शब्दों में / in words ____________________

परीक्षा केन्द्र (बड़े अक्षरों में) : ____________________
Centre of Examination (in Capitals) :

परीक्षार्थी के हस्ताक्षर : ____________________ निरीक्षक के हस्ताक्षर : ____________________
Candidate's Signature : Invigilator's Signature :

Facsimile Signature Stamp of
Centre Superintendent : ____________________

Language Code : **06**

આ પુસ્તિકામાં **16** પાનાં છે.

# JSS-24-II

પેપર-**II**

ગુજરાતી ભાષા પરિશિષ્ટ

ભાગ **IV & V**

પરીક્ષા પુસ્તિકા સંકેત

**I**

**આ પરીક્ષા પુસ્તિકા સૂચના ન મળે ત્યાં સુધી ખોલવી નહીં.**

**આ પરીક્ષા પુસ્તિકાના પાછળના આવરણમાં ( 15 & 16 ) આપેલા નિર્દેશોને ધ્યાનથી વાંચો.**

***પરીક્ષાર્થિઓ માટે દિશાનિર્દેશ :***

1. આ પુસ્તિકા મુખ્ય પરીક્ષા પુસ્તિકાનું એક પરિશિષ્ટ છે, પરીક્ષાર્થી માટે જે ભાગ IV ( ભાષા I) **અથવા** ભાગ V ( ભાષા II) ગુજરાતી ભાષામાં આપવા ચાહે છે, પણ બન્ને નહિ ફક્ત **એકજ.**
2. પરીક્ષાર્થી ભાગ I અને ભાગ II **અથવા** III ના ઉત્તર મુખ્ય પરીક્ષા પુસ્તિકામાં આપે અને ભાગ IV અને V ના ઉત્તર તેમને ચયન કરેલ ભાષામાં આપે.
3. અંગ્રેજી અને હિન્દી ભાષાના પ્રશ્નો મુખ્ય પરીક્ષા પુસ્તિકાના ભાગ IV અને ભાગ V ના અન્તર્ગત આપેલા છે. ભાષા પરિશિષ્ટોને તમે અલગથી માગી શકો છો.
4. આ પૃષ્ઠ પર લખવા અને પ્રિન્ટ અંકિત કરવા માટે **માત્ર બ્લેક/બ્લૂ બૉલ પોઈંટ પેનનો** જ પ્રયોગ કરી શકે છે.
5. આ ભાષા પુસ્તિકાનો સંકેત (code) છે **I**. આ વાતની ખાતરી કરી લેવી કે ભાષા પરિશિષ્ટ પુસ્તિકાનો સંકેત, ઉત્તર પત્રના **પૃષ્ઠ – 2** અને મુખ્ય પરીક્ષા પુસ્તિકા પર છાપેલા સંકેતથી મેળ થાય છે કે નહિ. જો તે જુદો હોય તો પરીક્ષાર્થી બીજી ભાષા પરિશિષ્ટ પરીક્ષા પુસ્તિકા લેવા માટે નિરીક્ષકને તરત જ જણાવે.
6. આ પુસ્તિકામાં બે ભાગ IV અને V છે. જેમાં કુલ **60** વસ્તુનિષ્ઠ પ્રશ્નો છે જે પ્રત્યેક 1 ગુણ ધરાવે છે.
   ભાગ-**IV** : ભાષા-**I** (ગુજરાતી) *(પ્ર. 91 થી પ્ર. 120)*
   ભાગ-**V** : ભાષા-**II** (ગુજરાતી) *(પ્ર. 121 થી પ્ર. 150)*
7. ભાગ-**IV** માં ભાષા-I માટે 30 પ્રશ્ન અને ભાગ-V માં ભાષા-II માટે 30 પ્રશ્નો આપેલા છે. આ પરીક્ષા પુસ્તિકામાં માત્ર ગુજરાતી ભાષા સંબંધિત પ્રશ્નો આપેલા છે. **જો ભાષા-I અને/અથવા-II માં તમારી ચયન કરેલ ભાષા ગુજરાતી સિવાયની છે તો આપે ગુજરાતી ભાષા વાળી પુસ્તિકા માંગી લેવી. જે ભાષાઓના પ્રશ્નોના ઉત્તર આપ આપી રહ્યા છો તે આવેદન પત્રમાં ચયન કરેલ ભાષાથી અવશ્ય મેળ ખાવી જોઈએ.**
8. **પરીક્ષાર્થી ભાગ-V(ભાષા-II) માટે ભાષા સૂચિમાંથી એવી ભાષાનું ચયન કરે જે તેમના દ્વારા ભાષા-I (ભાગ IV) માં ચયન કરેલી ભાષાથી જુદી હોય.**
9. રફ કાર્ય પરીક્ષા પુસ્તિકામાં આપેલ ખાલી જગ્યામાં જ કરો.
10. બધા ઉત્તર માત્ર ઓ.એમ.આર. (OMR) ઉત્તર પત્ર પર જ અંકિત કરવા. પોતાના ઉત્તર ધ્યાનપૂર્વક અંકિત કરવા. ઉત્તર બદલવા માટે શ્વેત રંજક (whitener) નો પ્રયોગ નિષિદ્ધ છે.

પરીક્ષાર્થીનું નામ (મોટા અક્ષરોમાં): ____________________

અનુક્રમાંક : અંકોમાં : ____________________

: શબ્દોમાં : ____________________

પરીક્ષા કેંદ્ર (મોટા અક્ષરોમાં): ____________________

પરીક્ષાર્થી દસ્તખત : ____________________ નિરીક્ષક દસ્તખત : ____________________

Facsimile signature stamp of
Centre Superintendent ____________________

**ભાગ-IV (પ્ર. 91 થી 120) ફક્ત ગુજરાતી ભાષા-I નો વિકલ્પ પસંદ કરનારે જ લખવા.**

Candidates should attempt the questions from **Part-IV (Q.No. 91-120)**, if they have opted **GUJARATI** as **Language-I** only.

## PART-IV
## LANGUAGE-I
## GUJARATI

**સૂચના : ભાગ-IV (પ્ર. 91 થી 120 ) ફક્ત ગુજરાતી ભાષા-I નો વિકલ્પ પસંદ કરનારે જ લખવા.**

**નીચેનો ફકરો વાંચીને એમાંથી પૂછાયેલા પ્રશ્નોના જવાબ આપો. (પ્ર. 91 થી 99)**

આપણા શરીરમાં દોઢ લાખ કિલોમીટર જેટલી લંબાઇની લોહીની નળીઓ છે. 600 અબજ જેટલા કોષો છે. આંખના પલકારા જેટલા સમયમાં 12 લાખ જેટલા લોહીના લાલ કણ નાશ પામે છે અને એટલા જ નવા પેદા થાય છે. આખી દુનિયામાં જેની વિમાન સેવા ચાલતી હોય તેવી વિમાની સર્વિસથી પણ જેના રૂટની લંબાઈ વધારે છે એટલે કે તમારા શરીરમાં દોઢ લાખ કિલોમીટર જેટલી લંબાઈ છે તેવી લોહીની નળીઓ (આર્ટરી-વેઇન)માં પરિભ્રમણ કરતા લોહીના પ્રવાહની વિગતો વાંચશો તો તમે પરમેશ્વરે માનવી પર કરેલી મહેરબાની વિશે ફક્ત નવાઈ નહીં લગાડો, પણ તેનો નતમસ્તકે આભાર માનશો.

આપણા શરીરમાં 600 અબજ જેટલા કોષ છે. એટલે કે દુનિયાના માનવીની સંખ્યા કરતાં 100 ગણા કોષને આ લોહીના પ્રવાહ મારફતે સતત(માનવીની)જીંદગીના અંત સુધી (આશરે 70 થી 80 વર્ષ સુધી) શક્તિદાયક પદાર્થો મળ્યા કરે છે. આ જ રીતે આ જ લોહીના પ્રવાહ મારફતે દરેક કોષમાં અને બહાર રહેલો કચરો અને શરીરને ના જોઇતા પદાર્થો કિડની અને આંતરડા સુધી પહોંચાડી પેશાબ અને મળ વાટે બહાર ફેંકી દેવાનું કામ પણ કરે છે.

લોહીના લાલ કણનું આયુષ્ય 120 દિવસનું હોય છે. તમે આંખનો પલકારો મારો તે દરમિયાનમાં 12 લાખ જેટલા લાલ કણ નાશ પામે છે અને તેની જગ્યાએ તેટલા જ સંખ્યામાં નવા લાલ કણ તમારા શરીરના (પાંસળી, કરોડનાં હાડકાં એટલે કે વર્ટીબ્રા અને ખોપરીના) હાડકામાંથી ઉત્પન્ન થઈ તેની જગા લે છે. તમને નવાઈ લાગશે કે માનવીની જિંદગી દરમિયાન હાડકામાં અર્ધોટન જેટલા લાલ કણો ઉત્પન્ન થાય છે. દરેક લાલ કણ પોતાની ચાર મહિનાની નાની જિંદગીમાં હૃદયથી શરીરના જુદા જુદા કોષો સુધી 75000 વખત રાઉન્ડ ટ્રીપ મારે છે. માનવીના હૃદયના પ્રત્યેક ધબકારે લોહીનો પ્રવાહ ખૂલી ગયેલી આર્ટરીમાં દાખલ થાય અને બે ધબકારાના વચ્ચેના સમયે જ્યારે આર્ટરી દબાય ત્યારે આ લોહીનો પ્રવાહ આગળ જાય. આમ જ્યારે માનવીના હાથ ને પગમાં લોહી પહોંચે અને પછી વપરાયેલું લોહી વેઇન્સ મારફતે પાછું આવે ત્યારે આ ધબકારાનું દબાણ ઝીરો (શૂન્ય) થઈ ગયું હોય. આ વખતે લોહીની નળીઓ જેમાંથી પસાર થાય તે સ્નાયુ જ્યારે જ્યારે પ્રવૃત્તિશીલ થાય ત્યારે પાછું હૃદય સુધી પહોંચે.

**91.** પ્રત્યેક રક્તકણ પોતાના આયુકાળમાં કેટલા ફેરા કરે છે?
(1) નવ હજાર (2) પંચોતેર હજાર (3) નવસો એંશી (4) 600 વાર

**92.** રક્તપ્રવાહનું ઈતર કાર્ય કેવું છે?
(1) વણજોઈતા કચરાનાં વિસર્જનનું (2) જીવન ધબકતું રાખવાનું
(3) ક્ષુધાતૃપ્તિનું (4) તૃષાતૃપ્તિનું

**93.** માનવઅસ્થિમાં આયુકાળ દરમ્યાન સર્જાતા નૂતન રક્તકણની સંખ્યા જણાવો.
(1) 600 અબજ (2) 75000 (3) અર્ધા ટન (4) અમાપ

**94.** રક્તનલિકાઓની સમગ્ર લંબાઈ કેટલી હશે?
(1) દોઢ લાખ કિમી (2) 600 મિટર (3) પાંચ મિટર (4) નવસો વીસ મિટર

**95.** બાર લાખ રક્તકણ ક્યારે નામશેષ થાય છે?
(1) વૃદ્ધાવસ્થામાં (2) યૌવનકાળે (3) કિશોરાવસ્થામાં (4) નેત્રનિમેષ

**96.** રક્તપ્રવાહ ક્યારે આગળની દિશામાં ગતિમાન થાય છે?
(1) સાંજે (2) બે ધબકારા વચ્ચે (3) નિદ્રાવસ્થામાં (4) જાગૃતાવસ્થામાં

97. ઈશ્વરની કૃપા વિશે આપ શું કરશો?

(1) આશ્ચર્ય અભિવ્યક્તિ (2) અરેરાટી

(3) શિશનત આભારદર્શન (4) ઉપેક્ષા

98. મળ વાટે કઈ ચીજ બહાર નીકળી જતી હોવાનું અહીં નોંધવામાં આવ્યું છે?

(1) રક્ત (2) શ્વેતકણ (3) હિમોગ્લોબીન (4) અવાંછિત પદાર્થો

99. લોહીના રક્તકણોનો સમગ્ર જીવનકાળ કેટલો હોય છે?

(1) ચાર માસ (2) 70 થી 80 વર્ષ (3) 24 કલાક (4) એક સપ્તાહ

**નીચેનું કાવ્ય વાંચી, તેની નીચે પૂછાયેલા પ્રશ્નોના ઉત્તરોમાંથી સાચો વિકલ્પ શોધીને લખો (100-105)**

એટલો તને ઓળખ્યો, વ્હાલા
ઓળખું જરાય નહીં.
લાખ લીટીએ લખું તો યે
લખ્યો લખાય નહીં . . . એટલો.
સૂરજ-તાપના જેટલો તીખો,
અડચો અડાય નહીં,
ચંદર-ચાંદની જેટલો મીઠો,
ઝાલ્યો ઝલાય નહીં . . . એટલો.
યુગો યુગોની ચેતના જેવડો,
વરણ્યો વરણાય નહીં,
જનમોજનમ હેતના જેવડો,
પરણ્યો પરણાય નહીં . . . એટલો.

100. ઈશ્વરને શા માટે સ્પર્શી શકાતું નથી?

(1) તાપના કારણે (2) ઠંડીના કારણે (3) વિશાળતાના કારણે (4) અપરિચયના કારણે

101. કવિ શેની મથામણ કરે છે?

(1) પરમાત્માનું નામ લેવાની (2) ભક્તિ કરવાની

(3) પૂજા કરવાની (4) ભગવાનને પામવાની

102. અહીં 'વ્હાલા' સંબોધન કોની માટે છે?

(1) કવિ (2) માણસ (3) પિતા (4) ભગવાન

103. 'વરણ્યો-વરણાય નહીં' એટલે શું?

(1) વણી ન શકાય (2) વેચી ન શકાય (3) પામી ન શકાય (4) વર્ણવી ન શકાય

104. કવિનું ઈશ્વર સાથેનું હેત કેવું છે?

(1) ઘડી-બેઘડીનું (2) રોજનું (3) જન્મોજન્મનું (4) બાળપણ પૂરતું

105. 'ઝાલવું' શબ્દનો શિષ્ટ શબ્દ શોધો.

(1) મૂકવું (2) ફેંકવું (3) પકડવું (4) ઝીલવું

106. સામગ્રી, શિક્ષકો અને વિદ્યાર્થીઓ પર કસોટી અને મૂલ્યાંકનની જે અસર પડે છે તેને શું કહેવાય?

(1) કોર્પસ ઇફેક્ટ (2) વોશબેક ઇફેક્ટ (3) ક્લાસરૂમ ઇફેક્ટ (4) સુદઢીકરણ

107. શાળાઓએ વધારાની (અતિરિક્ત) દ્વિભાષા પદ્ધતિ અપનાવવી જોઇએ કેમ કે :

(1) એનાથી બાળકના સાંસ્કૃતિક મૂલ્યો અને ભાષા સચવાય છે.

(2) અંગ્રેજીને દ્વિતીય ભાષા તરીકે ભણાવવાને મહત્વ આપવામાં આવે છે.

(3) એનાથી બાળકની ભાષાને પ્રોત્સાહન મળે છે પણ સંસ્કૃતિને મળતું નથી

(4) પ્રથમ ભાષાનો વિકાસ એના થકી રુંધાય છે.

108. આરોહ અવરોહ, સ્વરભાર, લય અને સૂર જેવા ભાષાઘટકોને શું કહેવાય છે?

(1) કવિતા (2) પિંગળ (3) ધ્વનિઘટક (4) વ્યવહારબોધી

109. ભારતીય ભાષાઓ સંદર્ભે નીચેનામાંથી કઈ બાબત સાચી નથી?

(1) ભારતીય બંધારણની વ્યવસ્થા મુજબ અંગ્રેજી એ સહયોગી રાજભાષા છે.

(2) બંધારણની આઠમી અનુસૂચિ મુજબ 22 ભાષા છે.

(3) સંસ્કૃત આધુનિક ભારતીય ભાષા છે.

(4) ભારતીય ઉપખંડની માતૃભાષા હિન્દી છે.

110. ભાષાના વર્ગમાં વિદ્યાર્થીઓ જૂથો રચીને શિક્ષિકાના માર્ગદર્શન હેઠળ આપેલા વિષય પર એક જાહેરાત પ્રસ્તુત કરે છે. ભાષા શીખવાની આ પદ્ધતિને શું કહેવાય?

(1) સહયોગી શિક્ષણ (2) સ્પર્ધા અને શત્રુતા

(3) ભાષા રમત (4) માર્ગદર્શન અને પથપ્રદર્શન

111. રેસ્ટોરન્ટ પ્રયોજાતા શબ્દોની ઉપયોગિતા અને અર્થોથી વિદ્યાર્થીઓને પરિચિત કરાવવા માટે શિક્ષિકા એક ટાસ્ક આપે છે. આ પાઠનો હેતુ શો હતો?

(1) ભાષાકીય ઘટકોથી વિદ્યાર્થીઓને પરિચિત કરાવવાનો

(2) એમને વ્યાકરણઘટકોથી પરિચિત કરાવવાનો

(3) ફરવાના સ્થળ વિશેના એક પાઠથી વિદ્યાર્થીઓને પરિચિત કરાવવાનો

(4) સમીક્ષાત્મક વિચારસરણી વિકસાવવાનો

112. આદત કેળવવાની પ્રક્રિયા દ્વારા શાબ્દિક કે અશાબ્દિક ભાષા સંપ્રાપ્ત થાય છે એવી માન્યતા નીચેનામાંથી કઈ પદ્ધતિકૂળની છે?

(1) ફંકશનલિસ્ટ (2) બિહેવિયરિસ્ટ (3) કોગ્નિટિવિસ્ટ (4) ઈન્ટરનેશનલિસ્ટ

113. વાર્તામાં આવતા સ્થળ અને સમયને શું કહેવાય?

(1) કથાનક (2) પરિવેશ (3) કથાસાર (4) પરાકાષ્ઠા

114. ભાષાવર્ગમાં શિક્ષિકાએ વિદ્યાર્થીઓના એક જૂથને ગ્રાહક, પ્રોપર્ટી ડિલર, મકાનમાલિક અને ભાડૂઆત બનીને વાતો કરવાનું કહ્યું અને અન્ય વિદ્યાર્થીઓને એનું નિરીક્ષણ કરવાનું કહ્યું. આ પ્રવૃત્તિનું નામ શોધો.

(1) રોલ પ્લે (2) નાટક (3) અભિનય વર્ગ (4) માર્ગદર્શન

**115.** પાંચમા ધોરણની શિક્ષિકા વર્ગમાં રોજ અખબારો, મેનુ કાર્ડ અને ટ્રેન ટિકિટ લઈને આવે છે. આ પ્રવૃત્તિને શું કહેશો?

(1) શિક્ષણને વધુ અધિકૃત અને ઉપયુક્ત બનાવવા માટે વાસ્તવિક સામગ્રીનો ઉપયોગ કરે છે.

(2) વાસ્તવિક જીવનની પરિસ્થિતિઓ પ્રમાણે તે વિદ્યાર્થીઓને અંગ્રેજી શીખવે છે.

(3) તે વાસ્તવિક જીવન મુજબની પરિસ્થિતિઓમાં અંગ્રેજી પોતાના વિદ્યાર્થીઓ શીખે એમ ઇચ્છે છે.

(4) તે વિદ્યાર્થીઓમાં જાગૃતિ કેળવી રહી છે.

**116.** શ્રવણ પાઠનું આયોજન કરતી વખતે નીચેનામાંથી કઈ બાબત અગત્યની નથી?

(1) ધ્વનિમુદ્રણને અટકાવવું (2) બોલવાની ગતિ

(3) વક્તાઓની જાતિ (લિંગ) (4) વક્તાઓની સંખ્યા

**117.** ભારત સંદર્ભે બહુભાષાવાદ શિક્ષક પાસેથી શેની સમજણની અપેક્ષા રાખે છે?

(1) સામાજિક સૌહાર્દ સાથે સંવાદ પણ સધાય છે

(2) લઘુમતિ ભાષાઓને પ્રભાવશાળી ભાષાઓ સાથે સંલગ્ન કરી દેવી જોઇએ

(3) વૈવિધ્યસભર સમુદાય માટે એક ભાષાનીતિ હોવી જોઇએ

(4) ભાષા, ઓળખ અને સંસ્કૃતિ અલગ અલગ ચીજો છે

**118.** કયા કૌશલ્યને સ્વીકારકૌશલ્ય (રીસેપ્ટીવ સ્કીલ્સ) તરીકે ઓળખવામાં આવે છે?

(1) સંભાષણ અને શ્રવણ (2) સંભાષણ અને લેખન

(3) લેખન અને વાંચન (4) શ્રવણ અને વાંચન

**119.** શ્રવણ અથવા શ્રુતિમાં શેનો સમાવેશ થાય છે?

(1) ધ્વનિઓને યથાવત સાંભળીને એનું અર્થઘટન કરવાનો

(2) સામગ્રીની સંકલ્પના કરવાનો

(3) વિષયના પૂર્વજ્ઞાનનો ઉપયોગ કરવાનો

(4) ધ્વનિઓને ઓળખીને એનું અર્થનિર્ધારણ કરવાનો

**120.** કોષ્ટક **A** માંથી ભાષાશિક્ષણ પદ્ધતિઓને કોષ્ટક **B** માં આપેલી પ્રવૃત્તિઓ સાથે યોગ્ય રીતે જોડો.

| | **A** | | **B** |
|---|---|---|---|
| (a) | પ્રત્યાયનકેન્દ્રી ભાષાશિક્ષણ | (i) | સામાજિક સ્વીકાર્યતાસભર અને સાંદર્ભિક રીતે ઉપયુક્ત ભાષા |
| (b) | પ્રત્યક્ષ પદ્ધતિ | (ii) | મૂક વાચન |
| (c) | વ્યાકરણ અનુવાદ | (iii) | મુદ્રિત સાહિત્યિક રચનાઓ |
| (d) | વેસ્ટની નવી પદ્ધતિ | (iv) | નિગમનાત્મક પદ્ધતિએ વ્યાકરણશિક્ષણ |

| | **(a)** | **(b)** | **(c)** | **(d)** |
|---|---|---|---|---|
| (1) | (i), | (iv), | (iii), | (ii) |
| (2) | (iv), | (ii), | (iii), | (i) |
| (3) | (iii), | (i), | (ii), | (iv) |
| (4) | (ii), | (i), | (iv), | (iii) |

**ભાગ–V (પ્ર. 121 થી 150)** ફક્ત ગુજરાતી **ભાષા–II** નો વિકલ્પ પસંદ કરનારે જ લખવા.

Candidates should attempt the questions from **Part-V (Q.No. 121-150)**, if they have opted **GUJARATI** as **Language-II** only.

## PART-V
## LANGUAGE-II
## GUJARATI

સૂચના : ભાગ-V (પ્ર. 121 થી 150 ) ફક્ત ગુજરાતી ભાષા-II નો વિકલ્પ પસંદ કરનારે જ લખવા.

**નીચેનો ફકરો વાંચી એમાંના પ્રશ્નના જવાબ આપો (121-128)**

સમાજ એટલે સંઘભાવના, સમૂહમાં રહેવાની વ્યવસ્થા એટલે સમાજ. બદલાતા જતાં વહેણમાં સમાજ સામે, તેના અસ્તિત્વ સામે અનેક પડકારો છે. આધુનિકતાનો પુટ જેમ જીવનને લાગતો જાય તેમ સુખના પરિણામો સ્વકેન્દ્રી બનતા જાય. કોલાહલ વચ્ચે એકલતાના નિશ્વાસ ગુંજવા લાગે ત્યારે સમાજની મહત્તા સમજાય. સમૂહ કે સમાજનું અસ્તિત્વ સહિષ્ણુતા અને સમભાવ ઝંખતું હોય છે. જેમ પરિવારનો આકાર સંકોચાતો ગયો તેમ વ્યક્તિપરક વર્તુળ વિસ્તરતું ગયું. કુટુંબહિતના સ્થાને નિજીહિતનો ખ્યાલ કેન્દ્રીત થાય ત્યારે કુટુંબભાવના સામે પ્રશ્ન સર્જાય છે. એકમેકની વ્યથા વહેંચી ન શકનારા, કે અન્યના અંતરમનમાં ડોકિયું ન કરી શકનારા વિપરીત સંજોગોમાં ખૂબ જલદી પરાજિત જાય છે. સંતાનને આગવું વિશ્વ ઊભું કરવાની પ્રેરણા ને સગવડ માબાપ તરફથી જ મળતા હોય છે. જ બાળકને અલાયદા રૂમમાં અળગું કરવાની આધુનિક વિચારધારા ભલે અમલી બની હોય પણ એકદંડિયા મહેલમાં ઉછરેલો મનુષ્ય તો ભીડમાં ય એકલતા જ અનુભવે છે અને ઉદાસી બારમાસી બની જાય છે. સમાજમાં શિક્ષણનું પ્રમાણ વધ્યું છે. વણખેડાયેલા ક્ષેત્રોમાં યુવાનોનું પદાર્પણ થયું છે. સાથે સાથે જનપદી અને શહેરી જીવનશૈલીમાં મોટું પરિવર્તન આવ્યું છે. આર્થિક અસમાનતા વધતી જાય છે. સમાજમાં નવા ધારાધોરણો સ્થપાવા લાગ્યા છે. સામાજિક સંપર્કના અભાવે ઉત્તરદાયિત્વ ઘટતું રહ્યું છે. સમયનો અભાવ સગાસંબંધીઓના સંપર્કમાં રિક્તતા ઉભી કરે ત્યારે વ્યક્તિને પ્રસન્નતા મળતી નથી. જીવનધોરણ સુધર્યું છે. ઘર સુખસગવડ અને મોજશોખની ચીજોથી સભર થયા છે. સંપન્નતા હવે પ્રદર્શનમાં પરિણમી છે. શિક્ષણ ધનવ્યયની નિરર્થકતા સમજાવે એ જરૂરી છે. શિક્ષણપ્રથામાં પણ આમૂલ પરિવર્તન આવ્યું છે. શિક્ષણ સંસ્થાઓનો હવે તોટો નથી. આર્થિક સદ્ધર લોકો ગમે તે ભણી શકવા સમર્થ છે. સ્વનિર્ભર સંસ્થાઓ ધનિકોનું લાલ જાજમ સ્વાગત કરવા તૈયાર હોય છે. શિક્ષણ જાણે વિના નુકશાનનો ધંધો બની ગયું છે.

બદલાતા સમયે પગપાળા યાત્રાઓ વધારી, વ્રતો, તહેવારો ને મંદિરોની સંખ્યામાં જરૂર વધારો કર્યો પણ સાચો ધર્મ સુકાતો ચાલ્યો. માબાપને વૃદ્ધાશ્રમમાં ધકેલી તેમની જીવનભરની કમાણીમાંથી નવો ફ્લેટ લઈ તેના વાસ્તુપૂજનમાં દીકરો પૂજા કરવા જાય છે. બદલાયેલ સમયે સમાજને શિક્ષિત અને ધનવાન તો બનાવ્યો છે પરંતુ એવું ઘણુંબધું ભયમાં આવી પડયું છે.

**121.** ઉત્તરદાયિત્વ કયા કારણથી ઘટી રહ્યું છે?

(1) સંપત્તિથી (2) શિક્ષણથી
(3) સામાજિક સંપર્કની ન્યૂનતાથી (4) એકાંતથી

**122.** આજકાલ લોકો શેનું પ્રદર્શન કરવાની વૃત્તિ ધરાવે છે?

(1) શિક્ષણ (2) સમૃદ્ધિ (3) વ્યવસાય (4) કૌશલ્ય

**123.** 'ધનવાન તો બનાવ્યો' માં 'તો' પદ શેનું સૂચક છે?

(1) સ્વરભારનું (2) નિપાતનું (3) કપાતનું (4) વિનિપાતનું

**124.** ‘કોલાહલ’ શબ્દનો પર્યાયવાચી શબ્દ તારવો.

(1) હલાહલ (2) વડવાનલ (3) ઘોંઘાટ (4) વિંધ્યાચલ

**125.** ‘શિક્ષણ જાણે વિના નુક્સાનનો . . . . ’ માં કયા અલંકારનો પ્રયોગ હોવાનું તમે માનો છો?

(1) ઉપમા (2) રૂપક (3) ઉત્પ્રેક્ષા (4) અનન્વય

**126.** ‘બારમાસી‘ શબ્દમાં કયા સમાસનો પ્રયોગ છે?

(1) દ્વિગુ (2) ઉપપદ (3) કર્મધારય (4) તત્પુરૂષ

**127.** નીચેનામાંથી કયો શબ્દ ‘સંપન્નતા’ નો વિરોધાર્થી છે?

(1) વ્યસ્તતા (2) ઔપચારિકતા (3) વિપન્નતા (4) આપન્નતા

**128.** સમયના અભાવથી શું સર્જાય છે?

(1) સંપર્ક રિક્તતા (2) શત્રુતા (3) મિત્રતા (4) નૈરાશ્ય ભાવના

**નીચેનો ફકરો વાંચી એમાંના પ્રશ્નોના ઉત્તર આપો (129 - 135)**

અર્ધજાગ્રત મનની અદ્‌ભુત ક્ષમતાઓ વિશે આપણે સૌએ સાંભળ્યું જ છે. જીવનમાં હકારાત્મક વિચારસરણી કેટલી ઉપયોગી નીવડે છે. હકારાત્મક વિચારસરણી કોને કહેવાય? ભરચોમાસે આકાશમાંથી લૂ વરસતી હોય તોય એમ વિચારવું કે આ કામચલાઉ તડકો છે. ટૂંક સમયમાં જ વરસાદ પડશે. અને ખૂબ સારો પાક થઈ શકશે એવો આશાવાદ રાખવો એ પોઝિટિવ એટિટ્યુડ કહેવાય. આપણને રોજબરોજ સમાજમાં એવા માણસો મળે છે જેઓ નકારાત્મક વિચારસરણી ધરાવતા હોય છે. સતત આવા વિચારો કરનારા માણસો કાળક્રમે નિરાશાવાદી બની જાય છે. નિરાશા, હતાશા, રંજ, ઉદાસી આ બધાં દુઃખવર્ધક વ્યસનો છે. એવી વિચારધારાને કારણે માણસના અર્ધજાગ્રત મનમાં નેગેટિવ પ્રોગ્રામિંગ થઈ જાય છે. માણસના મજબૂત મનોબળને તે ભારે નુક્સાન પહોંચાડે છે. માણસ જેવું વિચારે તેવું જ બને છે. મનોવૈજ્ઞાનીઓ ભારપૂર્વક સૂચવે છે – માણસે સુખી થવું હોય તો હંમેશા પોઝિટિવ થિંકિંગ કરવું જોઇએ. નિસ્વાર્થ પ્રેમ, દયાભાવ, સહિષ્ણુતા, માનવતા, આનંદી સ્વભાવ, વિશ્વસનિયતા, ક્ષમાભાવ વગેરે ગુણો પ્રત્યેક માણસ કેળવે તો સમાજમાં સામૂહિક રીતે એક શુભ માહોલ સર્જાય છે. આપણે જોઇએ છીએ સમાજમાં સોમાંથી એકાદ માણસમાં ઉપરના થોડાક ગુણો હોય છે. બહુમતિ લોકો નકારાત્મક વિચારસરણી ધરાવતા હોય છે. એથી સમાજની સામૂહિક છબી રાજી થવાય એવી સ્વચ્છ બની શક્તી નથી. પંદર કપ પાણીમાં પા કપ દૂધ રેડવામાં આવે તો પાણીનો રંગ સફેદ થઈ શકે, પણ તે વડે બનેલી ચા સારી લાગતી નથી. સમાજમાં નકારાત્મક વિચારોનું પ્રભુત્વ પંદર કપ પાણી જેટલું હોવાને કારણે થોડાક માણસોના શુભ વિચારોથી સમાજ બદલાઈ શકતો નથી. ક્રોધ, ભય, ઘૃણા, નફરત, અવિશ્વાસ, વેર વગેરે આ માનવજાતના મહાન શત્રુઓ છે. એ સઘળા તમારા અર્ધજાગૃત મનમાં ઘર કરી જશે તો ભૂગર્ભીય ભૂકંપ થશે.

માણસના મનની અગાધ ક્ષમતાઓ વિશે આટલું જાણ્યા પછી આપણા કલુષિત મનને ધોઇધોઇને રિફાઈન કરી તેમાં નવેસરથી હકારાત્મક વિચારોની સ્થાપના કરવાની જરૂર છે. સુંદર સાથિયો પૂરતાં પહેલાં ઓટલો વાળી-ઝૂડીને સાફ કરવો પડે છે. મનની દુરસ્તી માટે પ્રથમ મન માંહેના નકારાત્મક વિચારોનાં જાળાં સાફ કર્યા પછી જ તેમાં આનંદજનક વિચારોનું પ્રત્યારોપણ કરી શકાશે.

**129.** ‘આનંદજનક’ કયો સમાસ છે?

(1) બહુવ્રીહિ (2) તત્પુરૂષ (3) દ્વંદ્વ (4) ઉપપદ

130. હકારાત્મક વિચારોની સ્થાપના પૂર્વે કઈ પ્રક્રિયા હાથ ધરવાની આવશ્યકતા લેખકે નિર્દેશી છે?

(1) મનની ધુલાઈસફાઈ (2) અગાધ ક્ષમતા (3) મનોમંથન (4) પ્રત્યારોપણ

131. 'માણસના મજબૂત મનોબળને' વાક્યમાં કયો અલંકાર છે?

(1) પ્રત્યાન્વયન (2) ઉત્પ્રેક્ષા (3) દૃષ્ટાંત (4) વર્ણાનુપ્રાસ

132. બહુમતિ વર્ગ સમાજમાં કેવો હોવાનું અહીં લેખકે નોંધ્યું છે?

(1) વ્યસની (2) નકારાત્મકતાસભર (3) ગરીબ (4) સંપન્ન

133. 'ટૂંક સમયમાં જ વરસાદ પડશે' વાક્યમાં રહેલી વ્યાકરણની વિશેષતા તારવી બતાવો.

(1) સંક્ષિપ્ત વાક્ય (2) નિષેધ વાક્ય (3) સાદો ભવિષ્યકાળ (4) નિપાત પ્રયોગ

134. 'વેર' શબ્દનો સમાનાર્થી શોધી કાઢો.

(1) ઝેર (2) અવેર (3) શંકાર્યકલ્પ (4) પ્રતિશોધ

135. સકારાત્મક વિચારપ્રક્રિયા દ્વારા માનવ શું થઈ શકે?

(1) સફળ (2) સુખી (3) નિરાશાવાદી (4) વ્યસની

136. નીચેનામાંથી કયુ ઉપકરણ (સામગ્રી) અસમાનવેગી અને સમાનવેગી ઓનલાઈન શિક્ષણની તકો ઉપલબ્ધ કરાવે છે?

(1) પાઠ્યપુસ્તક (2) રેલ્વે ટિકિટ (3) ટેલિવિઝન (4) પેડલેટ

137. ફોર્મેટિવ એસેસમેન્ટ માટે નીચેનામાંથી કઈ બાબત આદર્શ નહીં ગણી શકાય?

(1) એસાઈનમેન્ટ (2) પેપર પેન્સિલ કસોટી (3) પ્રોજેક્ટ (4) ક્લાસ પ્રેઝન્ટેશન

138. રોજીંદા જીવનની સામગ્રીનો ભાષાશિક્ષણમાં ઉપયોગ કરવાની પદ્ધતિને શું કહેવાય?

(1) રિઅલિઆ (2) ભાષા રમતો (3) શૈક્ષણિક ઉપકરણો (4) પાઠ (પુસ્તક)

139. ભારતની ત્રિભાષા ફોર્મ્યુલા નીતિ શેને પ્રોત્સાહન આપે છે?

(1) બહુભાષી શિક્ષણ (2) એકભાષી શિક્ષણ

(3) હિન્દી પર કેન્દ્રિત દ્વિભાષી શિક્ષણ (4) માતૃભાષા આધારિત બહુભાષાવાદ

140. ઉર્ધ્વમૂલ પ્રક્રિયા (ટોપ ડાઉન પ્રોસેસ) સંદર્ભે નીચેનામાંથી કયુ સાચું નથી?

(1) શ્રોતાઓ (વિદ્યાર્થીઓ) એમના પૂર્વજ્ઞાન પર વધુ આધાર રાખે છે.

(2) વિદ્યાર્થીઓ નિહિત અર્થ પામવા માટે અનુમાન કરે છે.

(3) વિદ્યાર્થીઓ વિશ્વના સમગ્ર જ્ઞાનનો ઉપયોગ કરે છે.

(4) વિદ્યાર્થીઓએ પ્રત્યેક શબ્દ સમજવો જરૂરી છે.

141. આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ ક્યારે ઉજવાય છે?

(1) પહેલી જાન્યુઆરી (2) ચૌદ ફેબ્રુઆરી (3) એકવીસમી ફેબ્રુઆરી (4) તેરમી એપ્રિલ

142. તમારા મિત્ર તથા સહકર્મીને જો તમે મેઇલ લખો તો એ નીચેનામાંથી કયા પ્રકારનો ગણાશે?

(1) અનૌપચારિક (2) ઔપચારિક (3) વ્યાવસાયિક (4) પત્રવ્યવહાર

143. ભણવા-ભણાવવાની સમગ્ર પ્રક્રિયા વડે વિદ્યાર્થીની સમજણ અને શિક્ષણના મૂલ્યાંકન કરવાની ઢબને શું કહેયાય?

(1) શિક્ષણ માટે મૂલ્યાંકન (2) શિક્ષણનું મૂલ્યાંકન

(3) શિક્ષણમાં મૂલ્યાંકન (4) શિક્ષણ તરીકે મૂલ્યાંકન

144. બીજા ધોરણના ભાષાવર્ગમાં શિક્ષિકા 'સ્વાસ્થ્ય એ જ સંપત્તિ' વિષય પરની એક કેસેટ વગાડે છે. પછી એ વિદ્યાર્થીઓને એક પત્રિકા આપીને એમાંના વૈકલ્પિક પ્રશ્નોના સાચા વિકલ્પ પર ટીક કરવાનું કહે છે. આ પાઠનો હેતુ વિદ્યાર્થીઓને કઈ બાબતમાં સક્ષમ કરવાનો છે?

(1) સ્વાસ્થ્ય વિશેનો પાઠ સાંભળવા માટે (2) વિદ્યાર્થીઓને એક ટાસ્કમાં વ્યસ્ત રાખવાનો

(3) વિચારોના વિશ્લેષણ માટે શ્રવણ કરવાનો (4) સ્વાસ્થ્ય અને સંપત્તિ અંગેના પાઠને યાદ રાખવાનો

145. ભાષાશિક્ષણમાં થતી ભૂલો સંદર્ભે નીચેનામાંથી કયુ ખોટું છે?

(1) ભૂલોને કારણે ભાષાશિક્ષણમાં વ્યવધાન આવે છે.

(2) દરેક વખતે ભૂલો ખરાબ નથી હોતી અને મદદરૂપ પણ હોય છે.

(3) ભાષાશિક્ષણ પ્રક્રિયામાં ભૂલોનું ચાવીરૂપ પરિમાણ ગણાય છે.

(4) દ્વિતીય ભાષાસંપ્રાપ્તિની પ્રક્રિયા સમજવામાં ભાષાભૂલો મદદરૂપ બને છે.

146. ભાષાશિક્ષણમાં રચનાત્મકતા એટલે....

(1) વિવિધ અર્થઘટન અને ઉત્તરો માટે તકો સંપડાવે એવા ઓપન-એન્ડેડ વર્ગખંડ કાર્યો (ટાસ્ક)

(2) કશીક સમજણપ્રાપ્તિ માટે વિવિધ વિષયોના ઘટકોનું સંયોજન

(3) શિક્ષણની નવી પદ્ધતિઓના ઉપયોગ સાથેની વર્ગખંડ પ્રવૃત્તિઓ

(4) પ્રત્યાયનકેન્દ્રી ભાષાશિક્ષણના ઉપયોગ સાથે વર્ગખંડ સામગ્રીનો ઉપયોગ

**147.** વિદ્યાર્થીઓને ભાષાથી અભિમુખ કરવા જોઇએ અને એમની ભૂલો એ વાતની સાક્ષી પૂરે છે કે તેઓ શીખી રહ્યા છે - કઈ પદ્ધતિમાં આમ સૂચવાયું છે?

(1) બિહેવિયરીસ્ટ (2) કૉગ્નિટિવિસ્ટ (3) હ્યુમનિસ્ટ (4) સાઈકોએનાલિસ્ટ

**148.** નીચેનામાંથી કયા વિધાનો સાચા છે?

(a) ડિસ્લેક્સિઆ એ વાંચન અંગેની ઉણપ છે.

(b) ડિસગ્રાફિઆ લેખન સંબંધી ઉણપ છે.

(c) ડિસગ્રાફિઆ વાચનવિષયક ઉણપ છે.

(d) ડિસ્લેક્સિઆ લેખન સંબંધી ઉણપ છે.

(1) ફક્ત (a) સાચું છે (2) ફક્ત (b) અને (d) સાચું છે

(3) (a) અને (b) બંન્ને સાચા છે (4) (c) અને (d) બંન્ને સાચા છે

**149.** સરકારી શાળાની શિક્ષિકા રીતા સાતમા ધોરણના વિદ્યાર્થીઓને અંગ્રેજી ભણાવવા માટે દશ્ય સામગ્રીનો અને ભાષારમતોનો ઉપયોગ કરે છે. શિક્ષણનો આ કયો સિદ્ધાંત કહેવાશે?

(1) નૈસર્ગિક પ્રક્રિયાનો સિદ્ધાંત (2) પ્રેક્ટિસ અને આદતકેળવણીનો સિદ્ધાંત

(3) પ્રેરણા અને રસનો સિદ્ધાંત (4) જીવનસામંજસ્યનો સિદ્ધાંત

**150.** જેમાં પ્રાણીઓ જ મુખ્ય પાત્રો તરીકે આવતા હોય અને જેમાંથી કશાકે નૈતિક બોધ મળતો હોય એવી વાર્તાને શું કહેવાય?

(1) કપોળકલ્પના (2) પરીકથા (3) વિજ્ઞાનકથા (4) પ્રવાસકથા

**- o O o -**

SPACE FOR ROUGH WORK

**આપેલ સૂચનાઓ ધ્યાનપૂર્વક વાંચો :**

1. પરીક્ષા પુસ્તિકામાં ઉત્તરો સ્પષ્ટતાથી ચીંધી બતાવાયા છે તેથી જવાબો લખતા પહેલાં પરીક્ષા પુસ્તિકા અને જવાબો લખવા માટેની સૂચનાઓ ધ્યાનપૂર્વક વાંચી જવી.

2. દરેક પ્રશ્ન માટે ચાર વિકલ્પોમાંથી સાચો ઉત્તર ઓ.એમ.આર. (OMR) ઉત્તરપત્ર પૃષ્ઠ-**2** માં એક જ વર્તુળને બ્લેક/બ્લૂ બૉલ પોઈંટથી જ ભરવું. એકવાર ઉત્તર ભર્યા પછી તેને બદલી શકાશે નહિ.

3. પરીક્ષાર્થી સુનિશ્ચિત કરી લે કે આ ઉત્તરપત્રને વાળવામાં ન આવે અને તે ઉપર બીજું કોઈ અન્ય નિશાન પણ ન લગાવે. પરીક્ષાર્થી પોતાનો અનુક્રમાંક ઉત્તરપત્રમાં નિર્ધારેલ જગ્યા સિવાય બીજે ક્યાંય ન લખે.

4. પરીક્ષા પુસ્તિકા અને ઉત્તરપત્રનો ઉપયોગ ધ્યાનપૂર્વક કરે, કારણ કે કોઈપણ પરિસ્થિતિમાં (માત્ર પરીક્ષા પુસ્તિકા અને ઉત્તરપત્રના સંકેત (code) અથવા સંખ્યામાં વિભિન્નતા સિવાય) બીજી પરીક્ષા પુસ્તિકા આપવામાં આવશે નહિ.

5. પરીક્ષા પુસ્તિકા/ઉત્તરપત્રમાં આપેલ પરીક્ષા સંકેત અને સંખ્યાને પરીક્ષાર્થીએ ઉચિત રૂપે હાજરી-પત્રમાં લખવું.

6. OMR ઉત્તરપુસ્તિકાની સાંકેતિક માહિતી મશીન વડે વંચાશે. તેથી કોઈ માહિતી અધૂરી ન રહેવી જોઈએ એટલું જ નહીં, તે એડમિટ કાર્ડમાં આપેલી માહિતીથી અલગ ન હોવી જોઈએ.

7. પરીક્ષાર્થી દ્વારા પરીક્ષા હૉલ/કક્ષમાં પ્રવેશ કાર્ડ સિવાયની કોઈપણ જાતની પાઠ્ય-સામગ્રી, મુદ્રિત અથવા હસ્તલિખિત કાગળ, પેજર, મોબાઈલ ફોન, ઈલેક્ટ્રોનિક ઉપકરણ અથવા અન્ય કોઈપણ જાતની સામગ્રીને લઈ જવાની અથવા ઉપયોગ કરવાની મનાઈ છે.

8. મોબાઈલ ફોન અને અન્ય વાયરલેસ સંદેશાવ્યવહારના સાધનો (સ્વીચ ઓફ રાખેલી સ્થિતિમાં પણ) અને અન્ય પ્રતિબંધિત ઉપકરણો પરીક્ષાખંડમાં લાવવા નહીં. આ સૂચનાનું પાલન નહીં કરનારને સજાપાત્ર ગણીને તેની સામે તેમની પરીક્ષા રદ્દ કરવા સુધીના કડક પગલાં લેવામાં આવશે.

9. પ્રત્યેક પરીક્ષાર્થીએ, નિરીક્ષકના માંગ્યા મુજબ પોતાનું પ્રવેશ-કાર્ડ દેખાડવું.

10. અધીક્ષક અથવા નિરીક્ષકની વિશિષ્ટ અનુમતિ વગર કોઈપણ પરીક્ષાર્થીએ પોતાનું સ્થાન મૂકવો નહિ.

11. કાર્યરત નિરીક્ષકને પોતાનો ઉત્તરપત્ર આપ્યા વગર અને હાજરી-પત્રમાં ફરીવાર સહી કર્યા વગર પરીક્ષાર્થીઓ પરીક્ષા હૉલ છોડવો નહિ. જો પરીક્ષાર્થીએ બીજી વાર સહી નહિ કરી હોય તે એ માનવામાં આવશે કે તેને ઉત્તરપત્ર પાછું આપ્યું નથી અને તેને અનુચિત સાધનનો મામલો માનવામાં આવશે. **પરીક્ષાર્થીએ પોતાના ડાબા હાથના અંગૂઠાનું નિશાન હાજરીપત્રકમાં આપેલ નિયત સ્થાન પર અચૂક કરવાનું રહેશે.**

12. ઈલેક્ટ્રોનિક/હસ્તચાલિત કેલ્ક્યુલેટરનો ઉપયોગ વર્જિત છે.

13. પરીક્ષા હૉલમાં પોતાના આચરણ (વ્યવહાર) માટે પરીક્ષાર્થી બોર્ડના બધા જ નિયમો અને વિનિયમો સાથે બંધાયેલો છે. અનુચિત સાધનોની બધી જ બાબતોનો નિર્ણય બોર્ડના નિયમો અને વિનિયમોના અનુસારે જ થશે.

14. ઉત્તરપત્ર અને પરીક્ષા પુસ્તિકાનો કોઈપણ ભાગ ગમે તેવી પરિસ્થિતિમાં જુદો કરવો નહિ.

15. ***પરીક્ષા પૂર્ણ થયા પછી, પરીક્ષાર્થી હૉલ/કક્ષ છોડતા પહેલા ઉત્તરપત્ર કક્ષ-નિરીક્ષકને અવશ્ય સોંપી દે. પરીક્ષાર્થી પોતાની સાથે આ પરીક્ષા પુસ્તિકા લઈ જઈ શકે છે.***

## निम्नलिखित निर्देशों को ध्यान से पढ़ें :

1. जिस प्रकार से विभिन्न प्रश्नों के उत्तर दिए जाने हैं उसका वर्णन परीक्षा पुस्तिका में किया गया है, जिसे आप प्रश्नों का उत्तर देने से पहले ध्यान से पढ़ लें।
2. प्रत्येक प्रश्न के लिए दिए गए चार विकल्पों में से सही उत्तर के लिए OMR उत्तर पत्र के **पृष्ठ-2** पर केवल एक वृत्त को ही पूरी तरह **नीले/काले बॉल पॉइन्ट पेन** से भरें। एक बार उत्तर अंकित करने के बाद उसे बदला नहीं जा सकता है।
3. परीक्षार्थी सुनिश्चित करें कि इस उत्तर पत्र को मोड़ा न जाए एवं उस पर कोई अन्य निशान न लगाएँ। परीक्षार्थी अपना अनुक्रमांक उत्तर-पत्र में निर्धारित स्थान के अतिरिक्त अन्यत्र न लिखें।
4. परीक्षा पुस्तिका एवं उत्तर पत्र का ध्यानपूर्वक प्रयोग करें, क्योंकि किसी भी परिस्थिति में (केवल परीक्षा पुस्तिका एवं उत्तर पत्र के कोड या संख्या में भिन्नता की स्थिति को छोड़कर) दूसरी परीक्षा पुस्तिका उपलब्ध नहीं करायी जाएगी।
5. परीक्षा पुस्तिका/उत्तर पत्र में दिए गए परीक्षा पुस्तिका कोड व संख्या को परीक्षार्थी सही तरीके से उपस्थिति-पत्र में लिखें।
6. OMR उत्तर पत्र में कोडित जानकारी को एक मशीन पढ़ेगी। इसलिए कोई भी सूचना अधूरी न छोड़ें और यह प्रवेश-पत्र में दी गई सूचना से भिन्न नहीं होनी चाहिए।
7. परीक्षार्थी द्वारा परीक्षा हॉल/कक्ष में प्रवेश-पत्र के सिवाय किसी प्रकार की पाठ्य-सामग्री, मुद्रित या हस्तलिखित, कागज़ की पर्चियाँ, पेजर, मोबाइल फोन, इलेक्ट्रॉनिक उपकरण या किसी अन्य प्रकार की सामग्री को ले जाने या उपयोग करने की अनुमति नहीं है।
8. मोबाइल फोन, बेतार संचार युक्तियाँ (स्विच ऑफ अवस्था में भी) और अन्य प्रतिबंधित वस्तुएँ परीक्षा हॉल/कक्ष में नहीं लाई जानी चाहिए। इस सूचना का पालन न होने पर इसे परीक्षा में अनुचित साधनों का प्रयोग माना जाएगा और परीक्षार्थी विरुद्ध कार्यवाही की जाएगी, परीक्षा रद्द करने सहित।
9. पूछे जाने पर प्रत्येक परीक्षार्थी, निरीक्षक को अपना प्रवेश-पत्र दिखाएँ।
10. केन्द्र अधीक्षक या निरीक्षक की विशेष अनुमति के बिना कोई परीक्षार्थी अपना स्थान न छोड़ें।
11. कार्यरत निरीक्षक को अपना उत्तर पत्र दिए बिना एवं उपस्थिति-पत्र पर दुबारा हस्ताक्षर किए बिना परीक्षार्थी परीक्षा हॉल/कक्ष नहीं छोड़ेंगे। यदि किसी परीक्षार्थी ने दूसरी बार उपस्थिति-पत्र पर हस्ताक्षर नहीं किए, तो यह माना जाएगा कि उसने उत्तर पत्र नहीं लौटाया है और यह अनुचित साधन का मामला माना जाएगा। **परीक्षार्थी अपने बाएँ हाथ के अंगूठे का निशान उपस्थिति-पत्र में दिए गए स्थान पर अवश्य लगाएँ।**
12. इलेक्ट्रॉनिक/हस्तचालित परिकलक का उपयोग वर्जित है।
13. परीक्षा हॉल/कक्ष में आचरण के लिए परीक्षार्थी परीक्षण संस्था के सभी नियमों एवं विनियमों द्वारा नियमित हैं। अनुचित साधनों के सभी मामलों का फैसला परीक्षण संस्था के नियमों एवं विनियमों के अनुसार होगा।
14. किसी भी परिस्थिति में परीक्षा पुस्तिका और उत्तर पत्र का कोई भाग अलग न करें।
15. **परीक्षा सम्पन्न होने पर, परीक्षार्थी हॉल/कक्ष छोड़ने से पूर्व उत्तर पत्र निरीक्षक को अवश्य सौंप दें।** ***परीक्षार्थी अपने साथ इस परीक्षा पुस्तिका को ले जा सकते हैं।***

## READ THE FOLLOWING INSTRUCTIONS CAREFULLY :

1. The manner in which the different questions are to be answered has been explained in the Test Booklet which you should read carefully before actually answering the questions.
2. Out of the four alternatives for each question, only one circle for the correct answer is to be darkened completely with **Blue / Black Ball Point Pen** on **Side-2** of the OMR Answer Sheet. The answer once marked is not liable to be changed.
3. The candidates should ensure that the Answer Sheet is not folded. Do not make any stray marks on the Answer Sheet. Do not write your Roll No. anywhere else except in the specified space in the Answer Sheet.
4. Handle the Test Booklet and Answer Sheet with care, as under no circumstances (except for discrepancy in Test Booklet Code or Number and Answer Sheet Code or Number), another set will be provided.
5. The candidates will write the correct Test Booklet Code and Number as given in the Test Booklet/Answer Sheet in the Attendance Sheet.
6. A machine will read the coded information in the OMR Answer Sheet. Hence, no information should be left incomplete and it should not be different from the information given in the Admit Card.
7. Candidates are not allowed to carry any textual material, printed or written, bits of papers, pager, mobile phone, electronic device or any other material except the Admit Card inside the examination hall/room.
8. Mobile phones, wireless communication devices (even in switched off mode) and the other banned items should not be brought in the examination halls/rooms. Failing to comply with this instruction, it will be considered as using unfair means in the examination and action will be taken against the candidate including cancellation of examination.
9. Each candidate must show on demand his/her Admit Card to the Invigilator.
10. No candidate, without special permission of the Centre Superintendent or Invigilator, should leave his/her seat.
11. The candidates should not leave the Examination Hall/Room without handing over their Answer Sheet to the Invigilator on duty and sign the Attendance Sheet twice. Cases where candidate has not signed the Attendance Sheet second time will be deemed not to have handed over the Answer Sheet and dealt with as an unfair means case. **The candidates are also required to put their left hand THUMB impression in the space provided in the Attendance Sheet.**
12. Use of Electronic/Manual Calculator is prohibited.
13. The candidates are governed by all Rules and Regulations of the Examining Body with regard to their conduct in the Examination Hall/Room. All cases of unfair means will be dealt with as per Rules and Regulations of the Examining Body.
14. No part of the Test Booklet and Answer Sheet shall be detached under any circumstances.
15. **On completion of the test, the candidate must hand over the Answer Sheet to the Invigilator in the Hall / Room.** ***The candidates are allowed to take away this Test Booklet with them.***